
# ત્રાગા કરીને ભાજપ સરકારે દેશને તોડવાનું કામ કર્યું છે : શંકરસિંહ બાપુ

બાયડ, તા. ૩૧

આજરોજ બાયડ ખાતે રેલવે ફાટક નજીક કોંગ્રેસ કાર્યકરોનું વિશાળ



(તસવીર : સમીર બલોચ, બાયડ)

સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સંમેલનમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં બાયડ તાલુકા પ્રમુખ અદેસિંહે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ત્યારબાદ પૂર્વ શિક્ષણમંત્રી અશ્વિનભાઈ કોટવાડે પોતાની આગવી છટામાં કાર્યકરોને સંબોધ્યા હતા અને વર્તમાન ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા તેમજ સાબરકાંઠા બેઠકના ઉમેદવાર શ્રી શંકરસિંહ બાપુને જંગી લીડ બાયક તાલુકામાંથી મળે તેવું આહવાન કર્યુ હતુ.

ત્યારબાદ શંકરસિંહ બાપુએ ભાજપ સરકારને આડે હાથ લેતા જણાવ્યું હતું કે આ સરકારે ત્રાગા કરીને દેશને તોડવાનું કામ કર્યુ છે. આ ગુજરાત સરકારે મોદીને પી.એમ. પદના ઉમેદવાર જાહેર કરવા દિલ્હીમાં બીજેપીને કરોડો રૂપિયાનું કેપ આપ્યું છે. તેમજ આ સરકાર પણ જાહેરાતોથી જ ચાલે છે. શંકરસિંહ બાપુએ જણાવ્યું હતું કે હું ૧ ૨ મહીના માટે મુખ્યમંત્રી બન્યો હતો ત્યારે મે ખેડુતપોથી બનાવી હતી જેનાથી ખેડૂતોને ઘણો ફાયદો થયો હતો. તે આ સરકારે નાબુદ કરી ખેડૂતોને પાયમાલ કરવાનું કામ કર્યુ છે. આ પ્રસંગે પાલનપુર મેઘરના ધારાસભ્ય, મોડાસા ધારાસભ્ય, ભિલોડા ધારાસભ્ય, ખેડબ્રહ્મા અને પ્રાંતીજના ધારાસભ્ય તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાં ગુણ ભાખરીનો મેળો સંપન્ન

## ગુણ ભાખરી મેળામાં ભાતીગળ સંસ્કૃતિના દર્શન અસ્થિ વિસર્જન અને મોક્ષયાચના માટે યોજાતો ચિત્ર વિચિત્રનો મેળો છે

ખેડબ્રહ્મા, તા. ૩૧

બહુ ઓછા લોકો જાણતા હશે કયાંક પોતાના મૃત્યુ પામેલા સ્વજનના અસ્થિ વિસર્જન અને મૃતાત્માની મોક્ષ યાચના માટે મેળો ભરાતો હોય! રાજસ્થાનની સરહદે આવેલા સાબરકાંઠા જિલ્લામાં અરવલ્લીની ગિરિકંદરા વચ્ચેથી વહેતી આકળ, વાકળ અને સાબરમતી નદીના ત્રિવેણી સંગમ પર ગુણ ભાખરી ગામ નજીક આવેલા ચિત્ર વિચિત્ર મહાદેવ મંદિરના સાંનિધ્યમાં ગુજરાતી અને રાજસ્થાની વનવાસી બંધુઓનો હોળી





(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પછી ફાગણ અમાસના દિને મેળો ભરાય છે. જેમાં આપ્તજનોના અસ્થિઓનું વિસર્જન કરી તમના મોક્ષ માટે યાચના કરવામાં આવે છે.

આ મેળામાં અભણ-અજ્ઞાન વનવાસી સમાજના લોકો આવે છે. મેળાનો મહીમા શોકમય છે છતાં રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી વનવાસી યુવક-યુવતીઓ તેમના ભાતીગળ આભુષણો ધારણ કરી ઢબૂકતા ઢોલના તાલે નાચતા ગાતા મેળામાં તલ્લીન થઈ જાય છે.

આ મેળાની બીજી વિશેષતા એ છે કે સંયુકતા-પૃથ્વીરાજ હરણ પણ થાય છે. એટલે કે યુવક યુવતીઓ એકબીજાને લગ્ન માટે પસંદ કરે છે. અસ્થિ વિસર્જન અને મોક્ષયાચના ઉપરાંત આ પ્રસંગે આદિવાસી મહિલાઓ પોતાના પુર્વજોને યાદ કરી એકબીજાને ભેટીને રડીને ધાર્મિક વિધિ કરે છે.

આ વિધિ બાદ સ્નાન કરી સંબંધીઓના મૃતાત્માની પાછળ માનેલું ઘી વિનાનું, ઘઉંના લોટ અને ગોળમાંથી બનાવેલ ચુરમુ મેળામાં ઉપસ્થિતોમાં વહેંચે છે. આ વિધિ સવારે નદી કિનારે થાય છે. જયાં મેળો ભરાય છે. બપોરે બાર વાગ્યા પછી ઘટાદાર વૃક્ષો નીચે ગામના લોકો ભેગા થાય છે. ભેગા થવા માટે દરેક ગામનું એક ચોકકસ વૃક્ષ હોય છે. ત્યાં ઢોલ વગાડતા યુવકો માથે જવારા રાખી આદીવાસી કન્યાઓ નૃત્ય સાથે અહીં એકત્ર થાય છે જયારે ગામના લોકો પોતપોતાના વૃક્ષો નીચે આવી ગયાની જાણ તેમના આગેવાન ભેગા થવાથી થઈ જાય છે.

મેળાના સ્થાન અંગે ચાલતી દંતકથા મુજબ હસ્તિનાપુરના રાજા સાન્તનુના બે પુત્રો ચિત્ર અને વિચિત્રવર્યે તેમની માતા પર અપવિત્ર આચરણનો આક્ષેપ કરેલો પણ જયારે તેમને પોતાની ભૂલ સમજાઈ ત્યારે પ્રાયશ્ચિત કરવાનો નિર્ધાર કર્યો તેના પ્રાયશ્ચિત રૂપે તેઓ આ સ્થળે જીવતા સળગી ગયા હતા. કહેવાય છે કે કુંવારી જગ્યા હોય, ત્રણ નદીઓનો સંગમ હોય અને પારસ પીપળો હોય તેવી જગ્યા જીવતા સળગી જવા માટે ઉત્તમ ગણાતી હતી આ માટે તેમને અગ્નિ આપવા આજુબાજુના સાત ગામના મુખીઓ આવેલા અને આ બંનેને અગ્નિ આપેલી.

આ સમયે બે ગામના મુખીઓને ચિત્ર વિચિત્ર વર્યે આશીર્વાદ આપેલા કે મતરવાડામાં હિમ પડશે નહીં જયારે વિંછી ગામમાં કદી પણ પાણી ખૂટશે નહીં જયાં હાલ પારસ પીપળાની જગ્યાએ એક મૂક સાક્ષી મૂર્તિ દેરી ઉભી કરી છે અહીં એક મહાદેવનું શિવલીંગ છે અને આ મહાદેવને અહીંની પ્રજા ચિત્ર વિચિત્ર મહાદેવના નામથી ઓળખે છે.

# અમરાઈવાડીમાં અથડામણમાં એક મહિલા સહિત બેને ઈજા

અમદાવાદ, તા.૩૧

શહેરના અમરાઈવાડી વિસ્તારમાં થયેલ જૂથ અથડામણમાં મહિલા સહિત બે જણા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અમરાઈવાડી વિસ્તારમાં મોડીરાત્રીના હથિયારો લઈ લોકોએ આંતક મચાવ્યો હતો. જુગારધામ ચલાવતા રઘુ સવાભાઈ પરમાર પર અંગત અદાવતમાં હુમલો કરાયો હતો. જેમાં મહિલા સહિત બે લોકોને ઈજા પહોંચી હતી. અંગત અદાવતમાં જૂથ અથડામણ થઈ હોવાનું સપાટી પર આવ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, અમદાવાદ શહેરમાં આવેલ અમરાઈવાડીના ઈસ્માઈલની ચાલીમાં રઘુ સવાભાઈ પરમારના પરિવાર જુગારધામ ચલાવે છે. તેમના નિવાસસ્થાન પાસે રહેતા રમેશ પરમાર તેનો ભાણીયો, વિજય સોલંકી અને સાગરીતો સાથે રઘુ સવાના ભાઈ મુકેશને મારવા માટે દોડી આવ્યો હતો. રાત્રીના સમયે થયેલ આ અથડામણમાં મુકેશ સવાને બચાવવા વચ્ચે પડેલા તેના ભત્રીજા ચિરાગ પરમાર પર ટોળાઓએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. આ અથડામણમાં જ્યોત્સનાબેન વૈષ્ણવ નામની મહિલા પણ ભોગ બની હોવાનું સપાટી પર આવ્યું છે. જૂથ અથડામણમાં ઈજા પામેલા લોકોને તાત્કાલીક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ જૂથ અથડામણમાં ગંભીર રૂપથી ઘાયલ થયેલા ચિરાગ પરમારે આક્ષેપ કર્યો હતો કે જુગારધામ ચલાવવા દેવા માટે રમેશ પરમાર તથા તેનો ભાણો વિજય સોલંકી હપ્તો માંગતા હતા. આ મામલે અંગત અદાવત રાખીને તેઓને હુમલો કર્યો છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્માના નાના અંબાજી તરીકે જગ વિખ્યાત મા અંબિકા માતાજીના મંદિરમાં સોમવારના રોજ ઘટસ્થાપન વિધિવત ઘટ સ્થાપન કરી ચૈત્રી નવરાત્રીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ઘટસ્થાપનની પૂજાવિધિ દશરથભાઈ શાસ્ત્રીએ સંપન્ન કરાવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના મેનેજર નટવરભાઈ પટેલ અને પી.આર.ઓ. હિમાંશુ સહિત મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ચૈત્રી નવરાત્રી નિમિત્તે ખેડબ્રહ્મામાં અંબિકા માતાજી મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે.

# વિસ્મય શાહને સુપ્રિમથી આખરે જામીન મળ્યા

અમદાવાદ, તા.૩૧

શહેરના જજીસ બંગલો વિસ્તારમાં ૧ ૧ ૨ કિમી ઝડપે બીએમડબલ્યુ કાર હંકારી બે આશાસ્પદ યુવાનો રાહુલ પટેલ અને શિવમ દવેનો જીવ લેનાર અને છેલ્લા ઘણા સમયથી સબડી રહેલા કથિત આરોપી વિસ્મય શાહને ૧ ૨ જામીન અરજી રિજેક્ટ થયા બાદ આખરે સુપ્રિમ કોર્ટથી લાંબા સમય બાદ જામીન મળી ગયા છે. સુપ્રિમ કોર્ટે વિસ્મય શાહને ૧૦ લાખના બોન્ડ પર જામીન આપ્યા છે. ઉપરાંત છ મહિનામાં કેસની ટ્રાયલ પુરી કરવા નીચલી અદાલતને આદેશ આપ્યો છે. અમદાવાદના પોશ વિસ્તાર જજીસ બંગલા પાસે વિસ્મય શાહે ૧ ૧ ૨ કિમી રફતારથી બીએમડબલ્યુ કાર હંકારી રહ્યો હતો. એવા બાઈક પર સવાર બે યુવાનો સામેના રસ્તાથી વલી યુ-ટર્ન લઈ રહ્યા હતા ત્યારે વિસ્મયની બીએમડબલ્યુ કારે બાઈક પર સવાર બે યુવાનોને અડફેટે લઈ લીધા હતા. જેમાં એક યુવાનનું ઘટના સ્થળે જ મોત થયું હતું અને એક યુવાનનું સારવાર દરમ્યાન મોત થયું હતું. આ અકસ્માતની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જીલ્લાની લોકસભાની ચુંટણીને ધ્યાને લઈ જીલ્લામાં ચુંટણી શાંતીપુર્ણ વાતાવરણમાં યોજાય તે માટે જીલ્લા હોમગાર્ડ કચેરી પાલનપુર ખાતે હોમગાર્ડના દરેક તાલુકા મથકોના યુનિટ અધિકારીઓની ઉપસ્થિતિમાં ડીવાયએસપી એન.એસ. નિનામાના અધ્યક્ષ સ્થાને એક મીટીંગ યોજાઈ હતી. જેમાં દરેક યુનિટના અધિકારીઓએ હોમગાર્ડના જવાનો પુરતી સંખ્યામાં ઉપસ્થિત રહે તે બાબત ઉપર ભાર મુક્યો હ તો. તેમજ ચુંટણીમાં ફરજ કઈ રીતે બજાવવી તેની માહિતી એન.એસ. નિનામા દ્વારા આપવામાં આવી હતી. લોકસભાના ચુંટણીમાં ૧૫૫૦ જેટલા હોમગાર્ડ જવાનો ફરજ નિભાવશે જેમાં તમામ હોમગાર્ડ જવાનોને ટપાલથી મતદાન કરવા પર ભાર મુક્યો હતો. કાર્યક્રમ દરમ્યાન જીલ્લા હોમગાર્ડની કચેરીમાં સેવક તરીકે ફરજ બજાવતા દુધાભાઈ પી. ચૌહાણની વય નિવૃતી થતા તેઓનો વિદાય સમારંભ પણ રાખવામાં આવ્યો હતો.

# ડીસામાં ઠાકોર સમાજની દિશા અને દશા અંગે ચિંતન બેઠક યોજાઈ

ડીસા, તા. ૩૧

લોકસભાની ચૂંટણી ક્ષતિ જે ડોકાઈ રહી છે ત્યારે ગુજરાતમાં ૪ ટકા વસતી ધરાવતા ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસને બદલે હાંસિયામાં ધકેલાઈ રહ્યો છે. બહુમતિ ધરાવતો આ સમાજ આઝાદી પછી છીન્ન ભિન્ન થઈ રહ્યો છે. ત્યારે રાજ્ય સરકાર ઠાકોર સમાજને ૨૦ ટકા અનામત આપે તેવી માંગ સાથે ગુજરાત પ્રદેશ ક્ષત્રિય ઠાકોર સમાજ સંઘર્ષ સમિતિના અધ્યક્ષ નવઘણજી ઠાકોરની આગેવાની હેઠળ ડીસા હિન્દુ ધર્મશાળા ખાતે ઠાકોર અગ્રણીઓની બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે ઠાકોર સમાજની દશા અને ચિંતન કરી તેની દિશા નક્કી કરવા આહવાન કરાયું હતું. આઝાદી પહેલા જે સમાજની જાહોજલાલી હતી તે ઠાકોર સમાજ પ્રતિદિન કંગાળ બની રહ્યો છે. દલિત સમાજની જેમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉગાર્યો છે તેમ ઠાકોર સમાજમાં કોઈ આંબેડકર જેવો લીડર પાકશે ત્યારે જ સમાજનો ઉદ્ધાર થશે તેવું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જશવંતસિંહ ઠાકોર, મંગાજી ઠાકોર, પથુજી ઠાકોર, અજમલજી ઠાકોર, ચેતનજી ઠાકોર, ડૉ. જગદીશ ઠાકોર સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં સરીતા માપક સેકસન કચેરીમાં ફરજ બજાવતા વર્ક આસીસ્ટન્ટનો આજરોજ કચેરી ખાતે વિદાય સમારંભ યોજાયો હતો. પાલનપુરમાં આવેલી સરીતામાપક સેકશન કચેરીમાં વર્ક આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા સોની મહેન્દ્રકુમાર અમૃતલાલનો વય નિવૃતી થતા તેઓનો વિદાય સમારંભ આજરોજ કચેરી ખાતે યોજાયો હતો. જેમાં અધિક મદદનીશ ઈજનેર બી.એ. રાઠોડ દ્વારા નિવૃત થતા મહેન્દ્રભાઈ સોનીને શ્રીફળ આપી સન્માન કરાયું હતું. તેમજ સ્ટાફ દ્વારા ફુલહાર સાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિક મદદનીશ ઈજનેર બી.એ. રાઠોડ, વર્ક આસીસ્ટન્ટ એ.એમ. અધારીયા, પી.એન. શાહ, પી.આર. ઝાલા, બી.એસ. જાદવ સહિતનો સ્ટાફ તેમજ વિદાય લેતા મહેન્દ્રભાઈ સોનીના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# માલપુર-સનરાઈઝ ઈન્ટરનેશનલ સ્કુલનાં વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી

મુલોજ, તા.૩૧

અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે આવેલ સનરાઈઝ ઈન્ટરનેશનલ ઈંગ્લીશ મીડીયમ અને ગુજરાતી મીડીયમના વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઉદઘાટક તરીકે મોડાસા માર્કેટયાર્ડના વા. ચેરમેન રાકેશ પટેલ અને અધ્યક્ષ તરીકે જીવદયા પ્રેમી સરસ્વતિ મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી, તાલુકા પ્રમુખ સંજય પટેલ, સામાજિક કાર્યકર સુરેન્દ્રસિંહ રાઠોડ હાજર રહ્યા હતા. સ્કુલના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં ડાન્સ, નાટક, ફેશન શો, વેશભુષા, કવીઝ કોમ્પીટીશન, કરાટે જેવી પ્રવૃત્તિનું પ્રદર્શન વાર્ષિક ઉત્સવના દિવસે બાળકોએ કરી પોતાના માતાપિતા અને મહેમાનોને ખુશ કરી દીધા હતા.



(તસવીર : વનરાજસિંહ ખાંટ)

# સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ ભાજપ ઉમેદવારને જીતાડવા માટે ભિલોડામાં સભા યોજાઈ

ભિલોડા, તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા શ્રી માહેશ્વરી સમાજવાડી હોલમાં ભાજપ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા બેઠકનો કાર્યક્રમ યોજાયો હતો. સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ ભાજપ ઉમેદવાર દિપસિંહજી રાઠોડ (પ્રાંતિજવાળા)ને જંગી બહુમતીથી વિજય અપાવવા માટેની સભાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી, કિર્તીકુમાર બારોટ, વિજયભાઈ પંડ્યા, પ્રભુદાસભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, ભવાનભાઈ તરાર, મુકેશભાઈ ત્રિવેદી, ચેતનસિંહ કચ્છાવા, રઘજીભાઈ પટેલ, અમરતલાલ ભાવસાર, રતીલાલ દરજી, યોગેશભાઈ બુધ્ધ, કાંતીલાલ મારીવાડ, જગદીશભાઈ પટેલ, મુકેશભાઈ પંચાલ સહિત ભિલોડા તાલુકા ભાજપ સંઘઠન હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપાપ્રમુખ, ભાજપ અગ્રણી ગુણવંતભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કેન્દ્રની યુ.પી.એ. કોંગ્રેસ સરકારએ મોંઘવારીમાં તીવ્ર વધારો કરી પ્રજાજનોની આર્થિક કમર તોડી નાંખી છે. લાખ્ખો કરોડો રૂપિયાના કૌભાંડો કર્યા છે. કોંગ્રેસ સરકાર ઉપર શાબ્દીક રીતે આકરા પ્રહારો કર્યા હતા. ભિલોડા તાલુકાના જાગૃત મતદારોને અપીલ કરી જણાવ્યું હતું કે ભાજપના સિમ્બોલ ઉપર આપનો કિંમતી અને પવિત્ર મત આપી અપાવી જંગી બહુમતીથી સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટ ભાજપ ઉમેદવાર દિપસિંહજી રાઠોડને વિજય અપાવવા નમ્ર વિનંતી કરી હતી.

ભિલોડા તાલુકા પંચાયત સીટ કોંગ્રેસ સદસ્ય ઈલાબેન દરજી અને રતીલાલ દરજી સહિત કોંગ્રેસ કાર્યકરો કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા હતા ત્યારે ગુણવંતભાઈ ત્રિવેદી અને કિર્તીભાઈ બારોટ સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરોએ સન્માનભેર તેમને આવકારી ભાજપનો ખેસ પહેરાવી સન્માન કર્યું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧